૧૩. નીચેના બંને ફકરા વાંચો. ફકરા નંબર ( ૨ )માં કઈ માહિતી વધારાની છે? તે લખો અને ફકરામાં તે શબ્દ નીચે લીટી કરો :

( ૧ ) ભૈરવીના કાકાનાં લગ્ન હતાં. તે માટે મંડપ બંધાયેલો અને જમણવાર ગોઠવાયેલો. દાળ-શાક વડીલોને લાયક હતાં. પણ મીઠાઈ હતી એટલે ચાલ્યું! હલવો, બાસુંદી, બધાંને ભાવ્યાં. છેલ્લે પાન ખાવાની પણ મજા પડી.

( ૨ ) ભૈરવીના નાના કાકાનાં લગ્ન હતાં. તે માટે વિશાળ મંડપ બંધાયેલો અને ભવ્ય જમણવાર ગોઠવાયેલો. દાળ-શાક વડીલોને લાયક તીખાં હતાં. પણ, બે-ત્રણ મીઠાઈ હતી એટલે ચાલ્યું! દૂધીનો હલવો, સીતાફળની બાસુંદી બધાંને ભાવ્યાં. છેલ્લે મીઠું પાન ખાવાની પણ મજા પડી.

| ફકરો – ૧ | ફકરો – ૨ |
| --- | --- |
| ( ૧ ) કાકા | નાના કાકા |
| ( ૨ ) મંડપ | વિશાળ મંડપ |
| ( ૩ ) જમણવાર | ભવ્ય જમણવાર |
| ( ૪ ) દાળ-શાક | તીખાં દાળ-શાક |
| ( ૫ ) મીઠાઈ | બે-ત્રણ મીઠાઈ |
| ( ૬ ) પાન | મીઠું પાન |

૧૪. ઉદાહરણ પ્રમાણે આપેલાં વાક્યોમાં નવી માહિતી ઉમેરતાં જાઓ :

ઉદાહરણ : મેં કૂતરો જોયો.
મેં કાળો કૂતરો જોયો.
મેં એક કાળો કૂતરો જોયો.
મેં એક મોટો કાળો કૂતરો જોયો.

( ૧ ) રૂકસાનાએ ફ્રૉક ખરીદ્યું.

રૂકસાનાએ એક ફ્રૉક ખરીદ્યું.

રૂકસાનાએ એક મોંઘું ફ્રૉક ખરીદ્યું.

રૂકસાનાએ એક મોંઘું સુંદર ફ્રૉક ખરીદ્યું.

Scanned by CamScanner

(૨) હાર્દિક દોડે છે.

હાર્દિક સવારે દોડે છે.

હાર્દિક સવારે ઘણું દોડે છે.

હાર્દિક સવારે ઝડપથી ઘણું દોડે છે.

(૩) હવે ચંદ્રિકા રડશે.

હવે ચંદ્રિકા ખૂબ રડશે.

હવે ચંદ્રિકા મોટેથી ખૂબ રડશે.

હવે ચંદ્રિકા ચોધાટે મોટેથી ખૂબ રડશે.

**૧૫. ફકરો વાંચો, ઉત્તર લખો :**

સ્વીટુને અવનવી વસ્તુઓ બનાવવી ખૂબ ગમે. ક્યારેક તે રસોડામાંથી ચપ્પુ અને પપ્પાની કાતર લઈને
બેસે. તેને તપાસવું હોય કે બેમાંથી વધારે ધારદાર શું? પપ્પા દોડીને આવે અને સ્વીટુને સમજાવે, ''વાગી
જાય!'' ક્યારેક વળી તે ઘરના ઝાંપા પર હીંચકો ખાય, તો ક્યારેક હીંચકાના સળિયા પર ચઢી જાય. ફોઈ
હાંફળાં-ફાંફળાં થઈ આવે અને તેને ઉતારીને પૂછે, ''શું કરે છે?'' સ્વીટુ સામો પ્રશ્ન પૂછે, ''બેમાંથી શું
ઊંચું?'' એક વખત મમ્મી તેને ગાલ પર પથ્થર ઘસતાં જોઈ ગયાં. તેમણે પૂછ્યું, ''શું કરે છે?'' સ્વીટુ કહે,
''પથ્થરને લીસ્સા કરું છું.'' આવું જે કાંઈ થાય, દાદી તેની વાર્તા બનાવે અને રોજ રાત્રે સ્વીટુને કહે, ''એક
છોકરી, બહુ સાહસિક.'' સ્વીટુ ઉમેરે, ''તેનું નામ સ્વીટુ.'' દાદી કહે, ''તે ક્યારેક ચપ્પાની ધાર તપાસે, પણ
પપ્પાને જોડે રાખીને. ક્યારેક વળી હીંચકાની ઊંચાઈ માપે, ત્યારે તે ફોઈને જોડે રાખે. ક્યારેક તેને થાય કે,
''શું વધારે લીસું? પથ્થર કે મારો ગાલ?'' તો એ મમ્મીને પૂછવા જાય. આવી વાતો સાંભળતાં સાંભળતાં –
સ્વીટુબહેન પોઢી જાય.

- **ઓળખી કાઢો. તે વ્યક્તિ કે વસ્તુના નામ ફરતે ફકરામાં ◯ કરો :**

**સ્વીટુના ઘરમાં ...**

(૧) સૌથી મોટું કોણ? દાદી

(૨) સૌથી નાનું કોણ? સ્વીટુ

(૩) સૌથી ધારદાર શું? ચપ્પુ

(૪) સૌથી બુઠ્ઠું શું? કાતર

(૫) સૌથી ઊંચું શું? હીંચકાના સળિયા

(૬) સૌથી નીચું શું? ઝાંપો

(૭) સૌથી લીસું શું? ગાલ

(૮) સૌથી ખરબચડું શું? પથ્થર

Scanned by CamScanner

**નીચેનો ફકરો વાંચો. ઉદાહરણમાં દર્શાવ્યા પ્રમાણે માહિતી લખો :**

આ ફળની દુકાન છે. તેમાં કાચાં કેળાં છે અને પાકાં કેળાં છે; ખાટી દ્રાક્ષ છે અને મીઠી દ્રાક્ષ છે; મોટાં ચીકુ છે અને નાનાં ચીકુ છે; તેમાં ઘણાં ફળો છે. કેટલાંક તાજાં ફળો છે અને કેટલાંક વાસી ફળો છે. તાજાં ફળોનો ભાવ વધારે હોય અને વાસી ફળોનો ભાવ ઓછો હોય.

ઉદાહરણ : કાચાં **કેળાં**

(૧) પાકાં કેળાં
(૨) ખાટી દ્રાક્ષ
(૩) મીઠી દ્રાક્ષ
(૪) મોટાં ચીકુ
(૫) નાનાં ચીકુ
(૬) તાજાં ફળો
(૭) વાસી ફળો
(૮) વધારે ભાવ
(૯) ઓછો ભાવ

**૧૭. પાઠ્યપુસ્તકના પાન નં. ૧૫૧ – ૧૫૨ પર આપેલો પ્રસંગ મોટેથી વાંચી સંભળાવો, ત્યારબાદ વર્ગમાં ભજવો અને સાચા શબ્દ પર ✔ કરી મોટેથી વાંચો :**

(૧) આધાબહેન પ્રખ્યાત / વૃદ્ધ / નકામા / હોશિયાર જાસૂસ હતાં.
(૨) આધાબહેન પાસે પોલીસ / ગામલોકો / શહેરીજન / ચોર સલાહ લેવા આવે.
(૩) પક્ષી / પ્રાણી / વનસ્પતિ / જંતુને ચાર પગ, બે કાન, એક પૂંછડી હોય.
(૪) અદ્વૈતભાઈના ઘોડાના વાળ સોનેરી / ખૂબ લાંબા / લીસા / ગુચ્છેદાર હતા.
(૫) અદ્વૈતભાઈના ઘોડાની ત્વચા લીસી / મેલી / ખરબચડી / ચમકતી હતી.

**૧૮. આપેલા કોષ્ટકમાંથી પ્રાણીઓ અને તેમનાં વિશેષ નામ શોધી કાઢો. તે બંને યોગ્ય રીતે જોડીને લખો :**

| | | | |
|---|---|---|---|
| ગો | બ | રું | ખે |
| ઘા | હા | પા | દૂ |
| નિ | કૌ | ળું | ઝ |
| મા | ર | ક | ણી |

| | | |
|---|---|---|
| સ | ભૂં | ડ |
| ભેં | સ | ગ |
| ગા | ય | લું |

ગોબરું ભુંડ
દૂઝણી ગાય
મારકણી ભેંસ
રૂપાળું સસલું

• **વાનગી ઓળખો. તે માટે શું ઉમેરવું પડશે? તે ઉમેરો :**

(૧) જ લ બ – જલેબી
(૨) સ મ સ – સમોસા
(૩) ભ જ ય – ભજિયાં
(૪) લ પ સ – લાપસી
(૫) ર ટ લ – રોટલી
(૬) મ હ ન થ ળ – મોહનથાળ

Scanned by CamScanner

## પ્રવૃત્તિઓ

૧. ચાલો, ગાઈએ ગીતડું : આવ્યું રીંગણ, આવ્યાં ટામેટાં

૨. પાંચ અનાજ અને પાંચ કઠોળ મેળવીને તેને અલગ પ્લાસ્ટિકની નાની-નાની થેલીમાં ભરો અને દરેક પર તે અનાજ-કઠોળનું નામ લખો.

નીચેના કોષ્ટકમાં અનાજ અને કઠોળનાં નામ છે, તેની ફરતે ▭ કરો. આ નામ બાજુમાં આપ્યાં છે :

| | | | | |
|---|---|---|---|---|
| ચ | રે | વ | ઘ | ઉં |
| મ | ણા | ડાં | ટા | તી |
| વા | કા | તુ | ગ | ણા |
| શી | લ | ઈ | વે | ર |
| બા | જ | રી | લો | ર |

| અનાજ | કઠોળ |
|---|---|
| (૧) ઘઉં | (૧) વટાણા |
| (૨) બાજરી | (૨) તુવેર |
| (૩) મકાઈ | (૩) ચણા |
| (૪) ડાંગર | (૪) વાલ |

૩. શરીરની તંદુરસ્તી માટે અઠવાડિયામાં એકાદ ઉપવાસ કરવો જોઈએ. ઉપવાસનું મહત્ત્વ તમારાં મમ્મી-પપ્પા પાસેથી જાણીને તેના ફાયદા વિશે બે-ત્રણ વાક્યો લખો.

.......................................................................................................

.......................................................................................................

.......................................................................................................

૪. ચોક્કસ વ્રત કે ઉપવાસ હોય ત્યારે શું ખવાય અને શું ન ખવાય, તે તમારાં મમ્મીને પૂછીને જાણો.

૫. રસોડામાં દરેક સ્વાદ માટે અલગ-અલગ બરણી છે. શીરીનના પપ્પા બજારમાંથી નીચેની વસ્તુઓ લાવ્યા છે. તે વસ્તુઓનાં નામ બરણીમાં લખો :

*(મધ, મેથી, મરચું, હળદર, મીઠું, આમલી, અજમો, મોસંબી, ગોળ, સંચળ, મરી, લીંબોળી, જાંબુ, જામફળ, આંબળાં, બોર, કેરી, કારેલું, દૂધ)*




Scanned by CamScanner

૯. તમારા ઘરે નીચેની વાનગી બને ત્યારે તેમાં કયા કયા સ્વાદ ઉમેરાય છે? યોગ્ય ખાનામાં ✓ કરો :

| ક્રમ | વાનગી | ગળ્યો | ખારો | ખાટો | તીખો |
|---|---|---|---|---|---|
| (૧) | દાળ | ✓ | ✓ | ✓ | ✓ |
| (૨) | ખીચડી | – | ✓ | – | ✓ |
| (૩) | શીરો | ✓ | – | – | – |
| (૪) | રોટલો | – | ✓ | – | – |
| (૫) | ચેવડો | ✓ | ✓ | – | ✓ |

૭. રમત :

વર્ગનાં બધાં બાળકો ત્રણ જૂથમાં વહેંચાઈ જાઓ. પહેલા જૂથને 'ગઈકાલ', બીજા જૂથને 'આજ' અને ત્રીજા જૂથને 'આવતી કાલ' એમ નામ આપો. તમને અનુકૂળ હોય તો વારનાં નામ આપી શકાય. નીચે આપેલા ઉદાહરણ પ્રમાણે આપેલા શબ્દ પરથી દરેક જૂથ પોતાના જૂથને અનુરૂપ વાક્ય બનાવી બોલશે. દરેક સાચા વાક્ય માટે એક પૉઇન્ટ. અહીં નમૂનાના શબ્દો આપેલા છે. આવા બીજા શબ્દો તમારા શિક્ષક પાસેથી જાણી રમત આગળ વધારતા રહો. પહેલી વાર પાંચ-પાંચ શબ્દ સાથે રમત રમો. પછી શબ્દસંખ્યા વધારતા જાઓ. સરખી તક મળ્યા પછી જે જૂથ સૌથી વધુ પૉઇન્ટ બનાવે તે વિજેતા.

| | | ગઈકાલ સોમવાર | આજ મંગળવાર | આવતી કાલ બુધવાર |
|---|---|---|---|---|
| (૧) | વાંચવું | સિદ્ધિએ વાર્તા વાંચી. | સિદ્ધિ વાર્તા વાંચે છે. | સિદ્ધિ વાર્તા વાંચશે. |
| (૨) | કૂદવું | અમે પાંચ પગથિયાં કૂદ્યા. | અમે હાથ પકડીને કૂદીએ છીએ. | અમે કાલે દોરડાં કૂદીશું. |
| (૩) | રમવું | અમે સંતાકૂકડી રમ્યાં. | અમે સંતાકૂકડી રમીએ છીએ. | અમે સંતાકૂકડી રમીશું. |
| (૪) | જમવું | અમે રસ-રોટલી જમ્યાં. | અમે રસ-રોટલી જમીએ છીએ. | અમે રસ-રોટલી જમીશું. |
| (૫) | હસવું | દીયા ખૂબ હસી. | દીયા ખૂબ હસે છે. | દીયા ખૂબ હસશે. |
| (૬) | રંગોળી પૂરવી | અમે રંગોળી પૂરી. | અમે રંગોળી પૂરીએ છીએ. | અમે રંગોળી પૂરીશું. |
| (૭) | શાક બનાવવું | મમ્મીએ શાક બનાવ્યું. | મમ્મી શાક બનાવે છે. | મમ્મી શાક બનાવશે. |
| (૮) | લખવું | અમે કવિતા લખી. | અમે કવિતા લખીએ છીએ. | અમે કવિતા લખીશું. |
| (૯) | દોડવું | કૂતરું દોડ્યું. | કૂતરું દોડે છે. | કૂતરું દોડશે. |
| (૧૦) | કાપવું | માળીએ ઘાસ કાપ્યું | માળી ઘાસ કાપે છે. | માળી ઘાસ કાપશે. |

Scanned by CamScanner

૮. બનાવો, ચાખો, ચર્ચો, લખો :

જૂથમાં કામ કરો, વર્ગમાં જ સામાન લાવી રાખો. શિક્ષક દરેક જૂથને અલગ-અલગ ડબીઓમાં સામાન આપશે. તમારે ચોક્કસ પ્રકારનું જ શરબત બનાવવાનું છે. તમારા જૂથે કયા સ્વાદ પર કામ કરવાનું છે, તે શિક્ષક પાસેથી ચિઠ્ઠી ઉપાડીને જાણો. તમે કેવું – ખારું, ખાટું, ગળ્યું, ફિક્કું, મોળું, તૂરું કે તીખું – શરબત બનાવવાના છો તેની બીજા જૂથને ખબર પડવા દેશો નહીં. તમે બનાવેલું શરબત વર્ગ આગળ મૂકો. બીજાં જૂથનાં શરબત ચાખી, નીચેની વિગતો લખો :

| ક્રમ | શરબતનો સ્વાદ | જૂથ | શું વધારે ઉમેર્યું? | શું ઓછું રાખ્યું? |
|---|---|---|---|---|
| (૧) | ખારો | | | |
| (૨) | ખાટો | | | |
| (૩) | ગળ્યો | | | |
| (૪) | ફિક્કો | | | |
| (૫) | મોળો | | | |
| (૬) | તૂરો | | | |
| (૭) | તીખો | | | |

૯. તમને તમારો કેવો ફોટો ગમે? ગમતા ફોટા સામે ☺ દોરો. તમારો તમને ગમતો પાસપોર્ટ સાઈઝ ફોટો નીચે ચોંટાડો.

(૧) ઊંઘતો
(૨) હીંચકા ખાતો
(૩) અક્કડ, અદબ વાળીને બેઠેલો
(૪) ઝાડ પર ઊંધો લટકતો
(૫) આંખ બંધ હોય તેવો
(૬) આંખ, મોં ખુલ્લાં હોય તેવો
(૭) બધા મિત્રો સાથેનો
(૮) રડતો
(૯) બીમાર પડ્યા હોય ત્યારનો
(૧૦) નવાં કપડાં પહેરેલો

ગુણ / ગ્રેડ

શિક્ષકની સહી

Scanned by CamScanner